# Std 11 Gujarati Textbook Solutions Chapter 9 હરિનાં દર્શન

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. કવિ શા માટે હરિને નીરખી શક્યા નહિ?**

ઉત્તર:

‘હરિનાં દર્શન’ કાવ્યના કવિ પોતાનાં નયણાંની આળસને લીધે હરિને નીરખી શક્યા નહિ.

**પ્રશ્ન 2. કવિની ભીતર કયો અગ્નિ તપી રહ્યો છે?**

ઉત્તર:

‘હરિનાં દર્શન’ કાવ્યના કવિની ભીતર શોક – મોહના અગ્નિ તપી રહ્યા છે.

**પ્રશ્ન 3. કવિ ઈશ્વરને શી અરજ કરે છે?**

ઉત્તર:

‘હરિનાં દર્શન’ કાવ્યના કવિ હરિને જડપડદા ઉપાડી લેવાની અરજ કરે છે.

### 2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. ઈશ્વર કેવા કેવા સ્વરૂપે અને ક્યાં ક્યાં રહેલો છે?**

ઉત્તર:

ઈશ્વર ગગન સ્વરૂપે, વાયુ સ્વરૂપે અને સાગર સ્વરૂપે વસેલો છે. તે અણુઅણુમાં, જડ અને ચેતનમાં સઘળે રહેલો છે.

**પ્રશ્ન 2. ઘુવડના દૃષ્ટાંત દ્વારા કવિ શું સમજાવવા માગે છે?**

ઉત્તર:

ઘુવડ સો વર્ષ જીવે તો પણ તેને પ્રકાશની ખબર પડતી નથી. ઈશ્વરકૃપા વિના વ્યક્તિ ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ તેને ઈશ્વરનો સાક્ષાત્કાર થતો નથી, તેમ ઘુવડના દષ્ટાંત દ્વારા કવિ સમજાવવા માગે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### 3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો :

**પ્રશ્ન 1. આ કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.**

ઉત્તર:

“હરિનાં દર્શન’ ભક્તિકાવ્ય છે. તેમાં ભક્તની મર્યાદિત શક્તિ અને ભગવાનની અમર્યાદિત સત્તાની સ્પષ્ટતા કરી છે. ઈશ્વર તો બ્રહ્માંડના અણુઅણુમાં વ્યાપેલો છે, જડ અને ચેતનમાં વસેલો છે, પરંતુ માણસ પોતાની આળસને કારણે તેને જોઈ શકતો નથી.

ઈશ્વરદર્શનની તાલાવેલી ન હોય તો ઈશ્વરદર્શન થઈ શકે નહિ. ભક્તને ઈશ્વરદર્શન થતાં નથી એની વેદના છે, વ્યથા છે. તે માટે ભક્ત પોતાની આંખોને આળસ ત્યજવા જણાવે છે. તે ઈશ્વરને પોતાના જડપડદા ઉપાડી લેવાની વિનંતી કરે છે. તે પ્રભુકૃપાની યાચના કરે છે.

**પ્રશ્ન 2. કાવ્યમાં રજૂ થયેલી કવિની હરિદર્શનની તાલાવેલી વર્ણવો.**

ઉત્તર:

‘હરિનાં દર્શન’ કાવ્યમાં કવિની હરિદર્શનની તાલાવેલી જોવા મળે છે. ઈશ્વર સર્વવ્યાપક છે, તે જડ અને ચેતનમાં વસે છે. કવિને હરિદર્શન થતાં નથી તેમાં તે પોતાનાં નયણાંની આળસને જવાબદાર ગણે છે. હરિનાં દર્શન કરવા માટે ઈશ્વરકૃપા જરૂરી છે, તેની સાથે આળસ પણ છોડવાની જરૂર છે.

કવિ પોતાની મર્યાદા બરાબર જાણે છે. તેથી તે ઈશ્વરને અરજી કરે છે કે તમે જડપડદા ઉપાડો. તે આંખોને આળસ છોડીને હરિનાં મન ભરી દર્શન કરવા જણાવે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in